જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૨/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૭૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૬૬ વ્યક્તિઓને ઝડપી, ૬૪૬ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૧ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૭૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૭૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૭૭૩/૨૦૨૫**

કાગડાપીઠઃ કૃણાલભાઇ હિંદુરાવ પાંડરે (ઉ.વ.૩૭)(રહે, સમૃદ્ધિ એપાર્ટમેન્ટ, સમર્પણ હોલની બાજુમાં, કાંકરીયા) એ તા.૧૫/૧૨/૨૦૨૫ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૨/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ થી તા.૦૯/૧૨/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમમાં રાખેલ લાકડાના કબાટમાંથી ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪,૮૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૯,૮૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી અશ્વિનભાઇ રૈયાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૭૭૪/૨૦૨૫**

કાગડાપીઠઃ માનસી જગદીશભાઇ મકવાણા (ઉ.વ.૧૯) (રહે.વસંત રજબ ક્વાર્ટર્સ, હરીઓમ ફ્લેટ સામે બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૨/૨૦૨૫ સવારના ૧૦/૩૦ થી ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છાપરાના ટેકા સારૂ લગાવેલ લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને મણીનગર એલ.જી.હોસ્પીટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન તા.૧૫/૧૨/૨૦૨૫ બપોરના ૧૨/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.ડી.પટેલ ચલાવે છે.

નિકોલઃ સોનલબહેન વા/ઓ દિપકભાઈ અગ્રવાલ (ઉ.વ.૩૦)(રહે,અબજીબાપા ગ્રીન, કાનબા હોસ્પિટલ સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૨/૨૦૨૫ રાતના ૧૧/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ઓ.તિવારી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી